**વાદીની આંક ૧૪૯ ની સરતપાસ તથા આંક – ૧૫૦ ની મુદત અરજી હેઠળ સંયુકત હુકમ**

**અરજી વંચાણે લીધી.**

**વાદી તરફે રજુઆત છે કે જે વાદીની ઉલટ તપાસ નોંધવાની છે તે બીમાર છે અને અમદાવાદ રહે છે અને વયોવૃધ્ધ છે, તેથી કેસમાં ઉલટ તપાસ માટે હાજર રાખવા મુદત આપવા રજુઆત કરેલ છે.**

**તેઓની અરજી જોતા અને કેસ જોતા આ કેસ સને ૨૦૦૫ ની સાલનો છે, આજે સને ૨૦૨૧ થયેલ છે. જે વાદીની સરતપાસ રજુ થયેલ છે તેની ઉંમર દાવામાં કે તેની સરતપાસમાં જણાવેલ નથી. પરંતુ રીપોર્ટ રજુ કરનાર વકીશ્રી જણાવે છે કે તે મોટી ઉંમરના છે.**

**તે અંગે વિચારવામાં આવે તો આમ પણ આ અદાલતનું એવું માનવું છે કે મોટી ઉંમરના બીમાર પક્ષકારને અદાલતમાં બોલાવવા વ્યાજબી નથી. આ જ અદાલતમાં ફોજદારી કેસ નં.૨૭૪૫૦/૨૦૦૭ ના સાહેદ જશુભાઈ ધનજીભાઈ બારોટ, ઉ.વ.૬૮ ની તા.૧૬/૩/૨૦૧૯ ના રોજની જુબાની દરમ્યાન તેની તબીયત અચાનક બગડતા અદાલતને ૧૦૮ ની એમ્બ્યુલન્સને બોલાવેલ, પરંતુ એમ્બ્યુલન્સ આવે અને સાહેદને ૯મા માળથી નીચે ઉતારી હોસ્પીટલ ે લઈ જવામાં આવે અને તે હોસ્પીટલે પહોંચી યોગ્ય મેડીકલ સારવાર મેળવી શકે તે પહેલા જ સાહેદનું મરણ થઈ ગયાના સમાચાર આ અદાલતે સાંપડેલા. તે ઉપરથી આ અદાલતો વ્યુહ એવો જ રહેલ છે કે સાહેદ જે વૃધ્ધ ઉંમરના છે, બીમાર છે, અથવા તો ભલે નાની ઉંમર હોય, પરંતુ શકય હોય ત્યાં સુધી બીમાર સાહેદને અદાલતમાં બોલાવવામાં આવે અને તેની ઉલટ નોંધવામાં આવે તેના બદલ ે આવા સાહેદોની જુબાની કોર્ટ કમીશનથી નોંધવામાં આવે તો કોઈ પણ સાહેદને કયારેય તાત્કાલીક મેડીકલ સહાયની જરૂરીયાત ઉભી થાય તો તેઓ પોતાની રીતે મેળવી શકે. અદાલતમાં પીક અવર્સમાં કોઈ લીફટ ખાલી નથી હોતી, ૧૦ માળનું બીલ્ડીંગ ધરાવતી જિલ્લા અદાલત જેમાં આશરે ૫૦ જેટલી કોર્ટો કાર્યરત છે ત્યાં કોઈને ઈમરજન્સી મેડીકલ સારવારની જરૂરીયાત ઉભી થાય તો તાત્કાલીક મેડીકલ ફેસીલીટી મળી રહે તેવી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી, તેવા સમયે અદાલતોના ન્યાયધીશોને માનવતા દાખવવાની પણ તક મળતી નથી અને એક અફસોસ રહી જાય છે કે સાહેદને યોગ્ય સમયમાં મેડીકલ સારવાર મળી હોત તો કદાચ તેઓ હયાત હોત. તેથી આ અદાલતનું એવું માનવું છે કે અત્યારે કોરોનાનો સમય ચાલતો હોય અને સંક્રમણના પણ વધુ ચાન્સીસ હોય તેથી પણ વૃધ્ધ ઉંમરના સાહેદોને અદાલત સુધી સર તપાસ કે ઉલટ તપાસ માટે બોલાવવા વ્યાજબી જ**

**નથી.**

**તે ઉપરાંત સીવીલ પ્રોસીઝર કોડમાં ઓર્ડર ૧૮ રૂલ ૪ (ર) માં પણ કોર્ટ કમીશનર દ્વારા ઉલટ તપાસ નોંધવાની જોગવાઈ છે, નામદાર ગુજરાત વડી અદાલતે સબઓર્ડીનેટ કોર્ટ કેસ ફલો મેનેજમેન્ટ રૂલ્સ જે સને ૨૦૧૬ માં બનાવેલ છે. તેમાં પણ સ્પષ્ટ જોગવાઈ છે. તો પછી તેનો ઉપયોગ કરવો પણ અત્યંત જરૂરી બને છે જયારે અદાલતોમાં આવનાર સાહેદો સીનીયર સીટીઝન અને જૈફ વયના હોય. તેથી સદર સાહેદની જુબાની કોર્ટ કમીશનર દ્વારા જ નોંધવી યોગ્ય જણાય છે. તેથી કોર્ટ કમીશન મારફત જુબાની નોંધવાની નીચે મુજબનો હુકમ કર્યો.**

**હુકમ**

**વાદીએ પોતાની સરતપાસમાં માર્ક ૧૩૩/૧ થી ૧૩૩/૬ એ આંક આપવાની માંગણી કરેલ છે તે પુરવાર કરવાની શરતે આંક – ૧૫૧ થી ૧૫૬ આપવામાં આવે છે.**

**વાદીની મુદત અરજી નીચેની રીતે મંજુર કરવામાં આવે છે.**

**વાદીની ઉલટ તપાસ નોંધવા માટે <u>વકીલશ્રી સ્નેહલ ડી. પટેલની કોર્ટ કમીશનર તરીકે</u> નિમણુંક કરવામાં આવે છે. કોર્ટ કમીશનરે બંને પક્ષકારોને અગાઉથી ઉલટ તપાસ નોંધવાની તારીખ અને સમયની જાણ કરી વકીલશ્રીઓની સગવડતા મુજબ વાદીની ઉલટ તપાસ વાદીની અનુકુળતાવાળા સ્થળે જે વાદી વકીલશ્રી જણાવે ત્યાં જઈને નોંધી આ અદાલતને મુદત તારીખ ૧૧/૧૦/૨૦૨૧ સુધીમાં રીપોર્ટ કરવાનો રહેશે.**

**કમીશનર ફી પેટે રૂા.૧૦,૦૦૦/– વાદી તરફે તા.૨૯/૯/૨૦૨૧ સુધીમાં આ અદાલતમાં જમા કરાવવા અથવા કમીશનરશ્રીને ડાયરેકટ અદાલત રૂબરૂ ચુકવી આપવા, તેઓને જે અનુકુળતા હોય તે મુજબ કાર્યવાહી કરવી.**

**કમીશનરશ્રીએ પોતાની સમક્ષ જુબાનીમાં રજુ થતા વાંધા, દસ્તાવેજો રીફર થાય તો તે તમામ નોંધી લેવાના રહેશે. કોઈપણ દસ્તાવેજને આંક આપવાનો હુકમ કરવાનો રહેશે નહી. જે દસ્તાવેજ રીફર થયેલ હોય અને આંક આપવાની માંગણી થઈ હોય તે નોંધી અદાલતમાં રીપોર્ટ રજુ થાય તે સમયે આંક આપવાની માંગણી અદાલતના ધ્યાને મુકવાની રહેશે.**

**કમીશનર દ્વારા જુબાની નોંધવાની હોય રેકર્ડ બલ્કી હોય, પક્ષકારોના વકીલશ્રીઓએ પોતપોતાને કયા કયા દસ્તાવેજની ઉલટ તપાસ માટે જરૂરીયાત છે તે કમીશનર શ્રી તથા અદાલતને અગાઉથી જણાવી દેવાની રહેશે કે જેથી અદાલત તેટલું રેકર્ડ કમીશનરને આપી શકે.**

**સદર વાદીની ઉલટ તપાસ માટે પ્રતિવાદીના બંને વકીલશ્રીઓને અમદાવાદ જવાનું થાય તો વકીલશ્રીઓને ખર્ચના રૂા.૧૦,૦૦૦/– દસ– દસ હજાર પુરા વાદીએ ચુકવી આપવાના રહેશે.**

સદર હુકમની એક એક નકલ આંક – ૧૪૯ તથા ૧૫૦ હેઠળ રાખવી.

કામે ઉલટ તપાસ કમીશનર મારફત નોંધાઈને આવવા.

હુકમ આજરોજ તારીખ ૨૨/૯/૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ – સુરત.

તા.૨૨/૯/૨૦૨૧

(શિલ્પા મનસુખલાલ કાનાબાર)
૨જા એડીશનલ સિનિયર સિવિલ જજ
સુરત. કોડ નં.જી.જે.૦૦૮૧૪

| | | |
|---|---|---|
| **૨૨/૯/૨૦૨૧** | **૧૫૦** | **વાદીની મુદત અરજી તે તથા વાદીના સરતપાસના આંક – ૧૪૯ ના સોગંદનામા તળે સંયુકત હુકમ કર્યો.** |
| | **૧૫૧ થી ૧૫૬** | **માર્ક ૧ થી ૬ ને આંક – ૧૫૧ થી ૧૫૬ આપ્યા. આંક – ૧૫૦ ના હુકમ મુજબ કમીશ્નર પત્ર ઈસ્યુ કરવું.** |

**૧૧/૧૦/૨૦૨૧**

**(શિલ્પા મનસુખલાલ કાનાબાર)**
**૨જા એડીશનલ સિનિયર સિવિલ જજ**
**સુરત. કોડ નં.જી.જે.૦૦૮૧૪**